census
2021

# વસ્તીગણતરી 2021નો ભાગ બનો

## વસ્તીગણતરીનો દિવસ રવિવાર 21 માર્ચ 2021 છે.

વસ્તીગણતરીથી અમને ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રહેતાં તમામ લોકો અને કુટુંબોનું ચિત્રણ મળે છે. તે આવશ્યક અગત્યની માહિતી એકઠી કરે છે જેનાથી પરિવહન, શિક્ષણ તેમજ આરોગ્ય સેવાઓ જેવી જાહેર સેવાઓના આયોજન તેમજ ભંડોળમાં મદદ થાય છે. આમાં ભાગ લઈને અને તે માટે બીજાંને પણ પ્રોત્સાહિત કરીને તમારા સમાજને જોઈતી સેવાઓ મળી રહે છે તેની ખાતરી કરવામાં તમે મદદ કરશો.

## વસ્તીગણતરીની તમારી પ્રશ્નાવલિ ઓનલાઈન ભરવાનું સહેલું છે.

1. માર્ચ મહિનાની શરૂઆતમાં અમે તમને ટપાલ મારફતે એક પૅક મોકલીશું જેના પર **હાઉસહોલ્ડ એક્સેસ કોડ** આપેલો હશે.



2. અહીં જાવ **www.census.gov.uk.** અને “વસ્તીગણતરી શરૂ કરો” (Start census) પસંદ કરો.



3. **તમારો હાઉસહોલ્ડ એક્સેસ કોડ દાખલ તરો.**

4. પ્રશ્નોના જવાબ આપો અને **પૂરું ભરાઈ જાય પછી તે મોકલી આપો.**



## જેમને જરૂર હશે તે લોકોને પુષ્કળ મફત મદદ મળી રહશે, જેમ કે:

- બ્રિટિશ સાઈન લેંગ્વેજ (BSL) સહિત અનેક ભાષાઓમાં માર્ગદર્શન અને સહાય
- વસ્તીગણતરીમાં સહાય કરતાં સ્થાનિક કેન્દ્રોમાં મદદ
- પ્રશ્નાવલિ ભરવામાં સહાય કરવા માટે લોકોનાં ઘરોની મુલાકાત લેતાં કર્મચારીઓ
- વિનંતી કરવાથી કાગળ પર છાપેલ પ્રશ્નાવલિ ઉપલબ્ધ છે
- ઉપલબ્ધીના સંદેશા તેમજ ચિત્રો સાથેની સહેલાઈથી વાંચી શકાય તેવા સ્વરૂપમાં માહિતી પત્રિકા

## ઉપલબ્ધ સહાયતા વિશે વધારે જાણકારી મેળવવા માટે:

અમારી અહીં મુલાકાત લો **www.census.gov.uk**

કોન્ટેક્ટ સેન્ટરને **0800 587 2021** પર મફત ફોન કરો

સોશિયલ મીડિયા પર **@Census2021** અનુસરો

